# સર્વ સામાન્ય પ્રતિક્રમણ

## સ્વ ના લક્ષે પ્રતિક્રમણ કરવા માટેનો "વધારો"

**(લાલ અક્ષરથી લખેલ લખાણ "વધારો" છે. કઇ જગ્યાએ વધારો કરવો તે કાળા અક્ષરથી લખેલ છે.)**

**1. પાઠ ૩ જો – અંતમાં પાના નં ૬ ઉપર**

"અર્થ:- જે કોઇ નિત્યે ધર્મધ્યાન......... એમ શ્રીકેવળી ભગવાને આગમમાં કહ્યું છે."
**તે પ્રમાણે યથાર્થ અર્થને સમજીને હું પણ બે ઘડી માટે તેવા સામાયિકને પ્રભુ આજ્ઞાએ ધારણ કરૂં છું.**

**2. પાઠ ૪ થો – પાના નં ૭ ઉપર**
(સમયસારની ગાથા ૩૧-૩૨-૩૩ ઉપરાંત પ્રવચનસારની આ ગાથાઓ ૧૯-૨૦-૨૧-૨૨ ના અર્થ બોલવા)

प्रक्षीणघातिकर्मा अनन्तवीर्योऽधिकतेजा:।
जातोऽतीन्द्रिय: स ज्ञानं सौखयं च परिणमति ।। १९ ।

પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને
ઇન્દ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯.

**અર્થ:- જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યા છે, જે અતીન્દ્રિય થયો છે, અનંત જેનું ઉત્તમ વીર્ય છે અને અધિક જેનું (કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ) તેજ છે એવો તે (સ્વયંભૂ આત્મા) જ્ઞાન અને સુખરૂપે પરિણમે છે.**

सौख्यं वा पुनर्दु:खं केवलज्ञानिनो नास्ति देहगतम्।
यस्मादतीन्द्रियत्वं जातं तस्मात्तु तज्ज्ञेयम् ।। २० ।।

કંઇ દેહગત નથી સુખ કે નથી દુ:ખ કેવળજ્ઞાનીને,
જેથી અતીન્દ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.

**અર્થ:- કેવળજ્ઞાનીને શરીર સંબધી સુખ કે દુ:ખ નથી, કારણકે અતીન્દ્રિયપણું થયું છે. તેથી એમ જાણવું.**

परिणममानस्य खलु ज्ञानं प्रत्यक्षा: सर्वद्रव्यपर्याया: ।
स नैव तान् विजानात्यवग्रहपूर्वाभि: कियाभि: ।। २१ ।।

પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને
જાણે નહી તે તેમને અવગ્રહ ઇહાદિ ક્રિયા વડે. ૨૧.

**અર્થ:- ખરેખર જ્ઞાનરૂપે (કેવળજ્ઞાનરૂપે) પરિણમતા કેવળીભગવાનને સર્વ દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે; તે તેમને અવગ્રહ આદિ ક્રિયાઓથી નથી જાણતા.**

नास्ति परोक्षं किंचिदपि समन्तत: सर्वाक्षगुणसमृध्धस्य ।
अक्षातीतस्य सदा स्वमेव हि ज्ञानजातस्य ।। २२ ।।

ન પરોક્ષ કંઈ પણ સર્વત: સર્વાક્ષગુણસમૃદ્ધને,
ઇન્દ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.

**અર્થ:- જે સદા ઇન્દ્રિયાતીત છે, જે સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશે) સર્વ ઇન્દ્રિયગુણો વડે સમૃદ્ધ છે અને જે સ્વયમેવ જ્ઞાનરૂપ થયેલા છે, તે કેવળીભગવાનને કાંઇ પણ પરોક્ષ નથી.**

**3.** **પાઠ ૫ મો – પાના નં ૭ ઉપર**

"શુધ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરૂષોએ (નીચે) **જે** કહ્યાં છે તે છ પદને સમ્યક્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક (કહ્યાં છે)" **જાણી હું એવા ભાવમાં સ્થિત થાઉં છું.**

**4.** "**પ્રથમ પદઃ**– આત્મા છે. જેમ ઘટ પટ આદિ....... પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે."
**તેથી હું આત્માના અસ્તિત્વ અને સત્તાનો સ્વિકાર કરૂં છું.**

**પાના નં ૮ ઉપર**

**5.** "**બીજું પદઃ**– આત્મા નિત્ય છે. ઘટ પટ આદિ........ કોઇને વિષે લય પણ હોય નહી."
**તેથી એવા આત્માના નિત્યપણાનો હું સ્વિકાર કરૂં છું.**

**6.** "**ત્રીજું પદઃ**– આત્મા કર્તા છે. સર્વ પદાર્થ......... નગર આદિનો કર્તા છે."
**તેથી હું મારા નિજ સ્વરૂપનો જ કર્તા છું, અન્ય સર્વ ભાવનો અકર્તા છું એમ હું નિર્ણય કરૂં છું.**

**7.** "**ચોથું પદઃ**– આત્મા ભોકતા છે. જે જે કંઇ.......... તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોકતા છે." **તેથી સ્વભાવ ભાવે વર્તતા હું મારા સ્વરૂપમાંથી પ્રાપ્ત થતા અવ્યાબાધ, અલૌકિક, શાશ્વત સુખનો જ ભોકતા છું.**

**8.** "**પાંચમુ પદઃ**– મોક્ષપદ છે. જે અનઉપચરિત.....એવો જે શુધ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે." **એવા મોક્ષપદની પ્રાપ્તિ અનંત સિધ્ધ ભગવાનોએ કરી છે. હું પણ તેવો મોક્ષસ્વરૂપ છું અને તે પદની પ્રપ્તિ મારૂં ધ્યેય છે.**

**પાના નં ૯ ઉપર**

**9.** "**છઠ્ઠું પદઃ**– તે મોક્ષનો ઉપાય છે. જો કદી........... જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.
**તેવા મોક્ષપદની પ્રપ્તિના ઉપાયને હું શીઘ્ર ધારણ કરૂં.**

**10.** **પાઠ ૭ મો – પાના નં ૧૮ ઉપર (ગાથા ૧૩૧ નો અર્થ પૂરો થયા પછી)**

"અર્થઃ– જેમ સુવર્ણમય........ સર્વ જ્ઞાનમય ભાવો થાય છે." **વળી तत्वार्थ श्रध्धानं सम्यग्दर्शनम् – પદાર્થોની યથાર્થ શ્રધ્ધા કરવી તે સમકીત છે તેથી હું પણ પદાર્થોની યથાર્થ શ્રધ્ધા કરવાનો પુરુષાર્થ કરીશ.**

**11.** **પાઠ ૭ મો – મોક્ષનું સ્વરૂપ – પાના નં ૩૪ ઉપર (ગાથા ૩૦૩ પછી)**

"અર્થઃ– જે પુરૂષ અપરાધ કરતો........ હું નહિ બંધાઉં એમ નિઃશંક હોય છે."
**આ પ્રમાણે સમકીતનું સાચું સ્વરૂપ જાણી મને નવ તત્વોની યથાર્થ શ્રધ્ધા થાય છે.**

**12.** **પાઠ ૭ મો – સર્વવિશુધ્ધજ્ઞાન સ્વરૂપ – પાના નં ૩૫ (ગાથા ૩૮૬ પછી)**

"અર્થઃ– પૂર્વે કરેલું જે અનેક પ્રકારના........ નિવર્તાવે છે, તે આત્મા પ્રતિકમણ છે."
**આ પ્રમાણે શ્રધ્ધા કરીને પૂર્વે કરેલા શુભાશુભ ભાવોથી હું પ્રતિક્રમું છું.**

**13.** **પાના નં ૩૬ ઉપર – પહેલેથી**

"ભવિષ્યકાળનું જે શુભ–અશુભ કર્મ........ તે આત્મા પ્રત્યાખાન છે."
**તેથી હું તેવા પ્રત્યાખાનની ભાવના ભાવું છું.**

**14.** "વર્તમાન કાળે ઉદયમાં આવેલું જે અનેક....... તે આત્મા ખરેખર આલોચના છે."
**તેથી વર્તમાનમાં વર્તતા કોઈ પણ ભાવનો હું કર્તા–ભોકતા નથી. હું એક માત્ર જ્ઞાયક છું.**

15. “જે સદા પ્રત્યાખ્યાન કરે છે......... તે આત્મા ખરેખર ચારિત્ર છે.”
**તેવા ચારિત્રની હું નિત્ય ભાવના ભાવું છું.**

16. **પાના નં ૩૬ ઉપર ( ગાથા ૪૧૨ પછી )**

“અર્થ:- ( હે ભવ્ય! ) તું મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપ, તેનું જ....... અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર.”
**પ્રભુની આ આજ્ઞાને હું ભજુ છું.**

17. **પાઠ ૯ મો – ૧૨ મું અતિથિસંવિભાગવ્રત – પાના નં ૪૧ ( ગાથા ૧૬૭ પછી )**

“અર્થ:- દાતાના ગુણ ધરાવનાર ગૃહસ્થે........ વસ્તુ વિધિપૂર્વક દેવી એ કર્તવ્ય છે.”
**એવા બાર વ્રતને અતિચાર રહિત ધારણ કરવા તેને વ્યવહારથી મારૂં કર્તવ્ય સમજું છું.**

18. **પાઠ ૧૧ મો – પાના નં ૪૨ – છેલ્લે**

“( ઉપર ) **આ** પ્રમાણે મિથ્યાત્વનું સ્વરૂપ જાણીને સર્વ જીવોએ મિથ્યાત્વને છોડવું જોઇએ.” **હું વ્યવહારથી એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમી થઈશ અને નિશ્ચય સમકીતના પુરૂષાર્થ દ્વારા મારૂં સર્વ મિથ્યાત્વ દૂર થશે.**

19. **પાઠ ૧૨ મો – ચાર મંગલ – પાના નં ૪૩ – છેલ્લે**

“ – અરિહંત પ્રભુઓ, સિધ્ધ પરમાત્માઓ, સાધુઓ, અને કેવલિપ્રરૂપિત ધર્મનું શરણ અંગીકાર કરૂં છું.”
नमः समयसाराय स्वानुभूत्या चकास्ते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।
**એવા શુધ્ધ આત્માને નમસ્કાર કરી, એનો આશ્રય કરી, એ શુધ્ધસ્વરૂપ પ્રાપ્તિની આરાધના કરૂં છું.**

20. **પાઠ ૧૬ મો – પ્રત્યાખ્યાન – પાના નં ૪૮ ઉપર**

“અર્થ:- ધાર્યા પ્રમાણે નમસ્કાર મંત્ર........ સર્વસમાધિ પ્રત્યાકાર”
**એ પ્રમાણે છ આવશ્યક પૂરા થયા, તે સબંધી ભૂલ થઈ હોય, દોષ લાગ્યો હોય તો તે માટે ક્ષમા ઈચ્છું છું.**

मिच्छामि दुक्कडम् ।

## –: વિશેષ સુચના :–

**સામાયિક અને પ્રતિક્રમણના પાઠો પૂરા થયા પછી – ૪૮ મીનીટ પૂરી થયાની ખાત્રી કરી – પારવી.**